

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

'વિકાસ' અર્થ એને મન, થાય છે કચરો !
પ્રધાનોના પદ - મોભાનો થાય છે કચરો !
બનાવ્યો છે 'કચરા'ને મુઠ્ઠી ઉંચેરો મુદ્દો -
ને કલાકારોની કલાનો થાય છે કચરો
(મગજ - ડસ્ટબીન)

હાઈકુ

અનેક ક્ષેત્રો
કર્યાં છે સફાચટ -
રહ્યો 'કચરો'
(ઈ કેમ ભૂલાય?)

ઢંકાઈ જાય,
તપાસ ઉકરડે -
કર્મ - કચરો...
(કલીનચીટ સર્ટી.)

### ચિંતન

નાપરીક્ષ્ય મહીપાલઃ કુર્યાત્ સચિવમાતીનઃ ।
અમાત્યે હાર્થલિપ્સા ચ મન્ત્રરક્ષણમેવ ચ ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

રાજાએ પરીક્ષા કર્યા વિના કોઈ માણસની પોતાના સચિવ (મંત્રી) તરીકે નિમણૂંક ન કરવી જોઈએ, કેમ કે ધનપ્રાપ્તિની ઈચ્છા તથા મંત્ર (મંત્રણા)ને ગુપ્ત રાખવાનો ભાર અમાત્ય ઉપર રહે છે.

રાજાએ બરાબર કસોટી કરીને કોઈ વ્યક્તિની નિયુક્તિ સચિવ તરીકે કરવી, કેમ કે રાજયમાંથી કર ઉઘરાવવાની, અર્થપ્રાપ્તિની તેમજ રાજાની મંત્રણા ને ગુપ્ત રાખવાની જવાબદારી અમાત્યને શિરે હોય છે. આ બંને કાર્યો યોગ્ય રીતે જે સંપન્ન કરી શકે તેમ સમર્થ વ્યક્તિની જ નિમણૂક સચિવ તરીકે કરાય.

### સુવિચાર

- સર્વોત્તમ મનુષ્યને નથી જે અવસરની રાહ જુએ છે, પરંતુ સર્વોત્તમ મનુષ્ય તો તે છે જે અવસરને પોતાનો દાસ બનાવે છે - **ચાપીન**
- જીવન જીવવાની કળામાં પૂર્ણતા પામવી એ જ જીવતરનું ધ્યેય છે - **સંત ઓગસ્ટીન**
- જેને તમે બુદ્ધિ અને શક્તિ દ્વારા જીતી શકો તેની સાથે જ વેર બાંધો - **ગોસ્વામી તુલસીદાસ**
- તમારી પોતાની અજ્ઞાનતાનો તાગ મેળવવા માટે ખાસ્સું બધું જ્ઞાન તમારી પાસે હોવું જરૂરી છે - **અખંડ આનંદ**
- ખરેખર જીવનને માણવું હોય તો માણસે સફળતા - નિષ્ફળતાના ચક્કરમાંથી બહાર નીકળી જવું જોઈએ - **ભૂપત વડોદરિયા**
- 'ડર' મારા શબ્દકોષમાંથી નથી - **ટી.એન. શેષાન**
- આજનું ઔષધ : એલચી અને સૂંઠ સરખે ભાગ લઈ દહીંનાં નીતર્યા પાણીમાં સિંધવ મેળવીને પીવાથી પેશાબ છૂટથી થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ડૉ. એ.પી.જે. કલામ અગ્નિ મિસાઈલનું વજન ઓછું કરવા એક હળવો છતાં લોખંડથી મજબૂત પદાર્થ બનાવ્યો. આ દરમિયાન ડૉ. કલામ એમના એક ઓળખીતાની ઓર્થોપેડિક હોસ્પિટલની મુલાકાતે ગયા. ત્યાં એમને બાળ દર્દીઓને જોય કે જેઓ પગ વગરના હતા અને કેલિપર્સ (બનાવટી પગ)નો ઉપયોગ કરતા હતા. જે કેલિપર્સ અંદાજે સાડા ત્રણ કિલોના હતા જેથી બાળકો સરળતાથી કેલિપર્સ પહેરીને ચાલી શકતા ન હતા. એ.પી.જે. કલામે પોતાની લેબોરેટરીમાં પ્રયોગો શરુ કર્યા. ત્રણ સપ્તાહને અંતે એમમે ચારસો ગ્રામ વજનના કેલિપર્સ બનાવ્યા. અને બાળ દર્દીઓને પહેરાવ્યા. આટલા વજનમાં હળવા કેલિપર્સથી બાળખો ખુશ થઈ ગયા અને તેઓ દોડવા લાગ્યા. બાળકો માતાપિતાની આંખમાં હર્ષના આંસુ આવી ગયા.

ડૉ. કલામ, આ પ્રસંગને, આ સ્થિતિને પોતાના જીવનની મહત્ત્વની સિદ્ધિ તથા પરમ શાશ્વત આનંદનો પ્રસંગ ગણાવે છે.

બાળકો માટે રમકડાં, નાના ભૂષણ, બૂટ બનાવનારા સર્વેએ બાળ સુલભ કોમળતાને ધ્યાનમાં રાખવી જ જોઈએ. આથી જ કલામ સાહેબ, પ્રમુખ સ્વામીના હૃદય સુધી પહોંચી ગયા.

# ગુજરાતમાં ત્રીજા પરિબળની શક્યતા નહીંવત્

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કરના અણસાર વધથા જાય છે. વચ્ચે આમ આદમી પાર્ટીના ત્રીજા પરિબળની શક્યતા વરતાતી હતી એનું કાલાન્તરે સૂરસૂરિયું થઈ ગયું છે. એક તબક્કે ગુજરાતમાં ત્રીજા રાજકીય પરિબળ કરતાં સવિશેષ પ્રજાકીય પરિબળ તરીકે અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળ આમ આદમી પાર્ટી ગુજરાતની ચૂંટણીમાં ઝુકાવશે એવું લગભગ નક્કી મનાતું હતું. સંગઠનની રૂએ આમ આદમી પાર્ટીની દિલ્હી સ્થિત વરિષ્ઠ અગ્રણીઓ અવારનવાર ગુજરાતની મુલાકાત પણ લેતા રહ્યા છે અને ગોપાલ રાય કે સંજયસિંહ જેવા તરવરિતાય આગેવાનોને ગુજરાતમાં બેઉ રાષ્ટ્રીય પાર્ટીઓનો અનુભવી કરી ચૂકેલી પ્રજાનો સહયોગ સાંપડશે એવી આશા પણ બંધાઈ હતી. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના ઊગતા પ્રતિસ્પર્ધી જેવા આમ આદમી પાર્ટીના સર્વેસર્વા કેજરીવાલ સામે જે પ્રકારનું આક્રમક વલણ અપનાવી એમના કહેવાતા આદર્શવાદનો પર્દાફાશ કરી દીધો એ પછી પાર્ટી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ જવા પામી છે. વારાણસીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે બાથ ભીડનાર અરવિંદ કેજરીવાલને દિલ્હીની પ્રજાએ ફરી એક વાર ઉમળકાભેર સહકાર આપી વિક્રમજનક વિજય અપાવી દિલ્હીના મુખ્યમંત્રી બનાવ્યા હતા, પરંતુ એ પછીથી પાર્ટીનો આંતરિક કલહ અને નાણાંકીય વ્યવહારની ગેરરીતિઓ બહાર આવતાં ખુદ કેજરીવાલની અને પાર્ટીની છબી એ હદે ધૂમિલ બની હતી કે જયાં બહુ જ સારા દેખાવની અપેક્ષા રાખી હતી એવા પંજાબમાં અને ગોવામાં પાર્ટીને નામોશીભર્યો જાકારો સાંપડ્યો હતો. અતિ ઉત્સાહ કયારેક કેવો ભારે પડી જતો હોય છે, એનો યાદગાર દાખલો અરવિંદ કેજરીવાલની મહત્ત્વાકાંક્ષી પાર્ટી બની રહી છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ સ્વચ્છ નેતૃત્વ આપવાના સંકલ્પ સાથે સર્વોદય કાર્યકર્તાઓ અને રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ગાંધીવિચારને વરેલા અગ્રણીઓ પર મદાર રાખ્યો હતો. જો કે કઠોર વાસ્તવ એ છે કે આવા આગેવાનો ભલે અંગત જીવનમાં સ્ફટિક જેવી પારદર્શક પવિત્રતા ધરાવતા હશે પરંતુ વહેવારું રાજકારણમાં એ ચાલી શકે એમ નથી. ગુજરાતના રાજકારણમાં આમ પણ ત્રીજું પરિબળ કયારેય કારગત નીવડ્યું નથી. પછી તે ભાઈકાકા જેવા પ્રખર ખેડૂત અગ્રણીઓ સ્થાપેલો સ્વતંત્ર પક્ષ હોય, ઈંદુચાચાની મહાગુજરાત જનતા પરિષદ હોય, રતુભાઈ અદાણી અને મહીપત મહેતાની રાષ્ટ્રીય કોંગ્રેસ હોય કે શંકરસિંહ વાઘેલાની રાષ્ટ્રીય જનતા પાર્ટી. આ તમામને પ્રજાને ઓછાવત્તા પ્રમાણમાં જાકારો જ આપેલો છે અને એ પાર્ટીઓનાં નામ સુદ્ધાં લોકોની સ્મૃતિમાંથી ભૂંસાઈ ગયાં છે. આમ આદમી પાર્ટીની શરુઆત ઘણી જ સોહામણી અને લોભામણી હતી. પ્રજાને ખરેખર ભ્રષ્ટાચારથી ખરડાયેલી તેમ જ સાંપ્રદાયિકતાના ઝેર ફેલાવતી રાષ્ટ્રીય તથા પ્રાદેશિક પાર્ટીઓનો એક સક્ષમ વિકલ્પ જોઈતો હતો. અણ્ણા હજારે જેવા લોકનેતાની નિશ્રામાં પાંગરેલા કેજરીવાલ જેવા સ્પષ્ટવક્તા અને નખશિખ સ્વચ્છ લાગતા 'આમ આદમી'ના પ્રતિનિધિને પ્રજા મોટી આશાઓ સાથે નીરખવા લાગી હતી. પરંતુ કેજરીવાલ પણ એ જ માળાના મણકા છે, એનું લાગવા માંડ્યુ ત્યારથી દેશભરમાં આમ આદમી પાર્ટીનું વિશેનું ભ્રમનિરસન થઈ ગયું છે. જો કે કેજરીવાલ હજી પણ લાકડાની તલવારથી ઝઝૂમી રહ્યા છે, પરંતુ નાણાંકીય ગેરરીતિઓ સબબ એમની જ પાર્ટીના એક સભ્ય કપિલ મિશ્રા દ્વારા લગાવાયેલ આરોપોનો સામનો કરવામાં તેઓ નિષ્ફળ નીવડ્યા છે. પ્રજા તો રાજા રામની પણ થઈ નથી ત્યાં કેજરીવાલની કયાંથી થવાની હતી? સૌથી મોટું નુકશાન આમ આદમી પાર્ટી સાથે જોડાઈને ડૉ. કનુભાઈ કળસરિયા જેવા લોકનેતાએ વહોર્યું છે. હવે જયારે 'આપ'ના દિલ્હી સ્થિત નેતાઓએ જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીથી દૂર રહેવાનો નિર્ણય લીધો હોવાના સંકેતો મળી રહ્યા છે ત્યારે ગુજરાતની પ્રબુદ્ધ પ્રજાએ ઠાકોર સેનાના સેનાપતિ અલ્પેશ ઠાકોર ઓબીસી મંચ જેવા કોઈ ઓઠા હેઠળ એમના ઉમેદવારોને મેદાનમાં ઉતારી ત્રીજા પરિબળ તરીકે ઊપસવાનો પ્રયાસ કરે, પરંતુ ગુજરાતની પ્રજાને પટાવવી એટલું સહેલું નથી જેટલું આવા નવા ઉત્સાહી નેતાઓ માની લેતા હોય છે.

# ત્રીસ લાખ ઉપરના દસ્તાવેજોની જાણ ઈન્કમટેક્ષ વિભાગને કરવામાં આવશે




રાજયના તમામ સબ રજીસ્ટ્રારને રાજય સરકારે પરિપત્ર પાઠવી ૨૦૧૬-૧૭ના વર્ષ માટેનું ન્યુ સ્ટેટમેન્ટ ઓફ ફાઈનાન્સીપલ ટ્રાન્સઝેકશન ફાઈલ કરવા આદેશ આપેલ છે. જે મુજબ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે ત્રીસ લાખથી ઉપરની રકમના નોધાયેલા તમામ દસ્તાવેજોની વિગતો ઈન્કમટેક્ષ વિભાગને કરવાની ફરજીયાત રહેશે. સબ રજીસ્ટ્રારે આવા તમામ દસ્તાવેજોની માહિતી એકત્રીત કરી ઈન્કમટેક્ષ વિભાગને તથા રાજય સરકારને કરવાની રહેશે આવી માહિતી ના આપતા સીધી જવાબદારી સબ રજીસ્ટ્રારની ગણાશે.

પહેલા આવા દસ્તાવેજોની વિગતો વહિવટ કરી ઉપર મોકલવામાં આવતી ન હતી પરંતુ નવા પરિપત્ર મુજબ એકપણ દસ્તાવેજની માહિતી મોકલી આપવામાં આવશે નહિ તો સબ રજીસ્ટ્રાર ઉપર પગલા ભરવામાં આવશે. અગાઉ ત્રીસ લાખ કે તેના ઉપરના દસ્તાવેજો થયા બાદ વિગતો મોકલવામાં આવતી નહિ પરંતુ ઓડિટ દરમ્યાન આવા દસ્તાવેજોની વિગતો ધ્યાનમાં આવતા ઓડિટર દ્વારા ઈન્કમટેક્ષ વિભાગને આવા દસ્તાવેજોની માહિતી મોકલવામાં આવતી ત્યારબાદ ઈન્કમટેક્ષ વિભાગ દસ્તાવેજ કરાવી લેનાર તથા કરી આપનારના આઈટી રીર્ટનની વિગતો ચકાસી મેળવી ઈન્કમટેક્ષ ભરવા બાબતે જે તે વ્યક્તિને દંડ સાથેની નોટીસ ફટકારતી હતી.

તાજેતરમાં નોંધણી સહ નિરીક્ષકની કચેરી દ્વારા એક પરિપત્ર રાજયના તમામ સબ રજીસ્ટ્રારને ત્રીસ લાખ ઉપરના દસ્તાવેજોની વિગતો ફરજીયાત મોકલવા માટે આદેશ કરવામાં આવ્યો છે તેથી હવે પછી થતા આવા તમામ દસ્તાવેજોની વિગતો આઈટી વિભાગને ફરજીયાત મોકલવાની હોવાથી સબ રજીસ્ટ્રાર કચેરીમાં વહિવટ ઓછો થશે તથા તમામ કામગીરી, વ્યવહારો ઓનલાઈન ચકાસણી કરવામાં આવતા ઓડિટ વખતે ના મોકલેલ વિગતો માટે સબ રજીસ્ટ્રારને જવાબદાર ગણીને તેના ઉપર પગલા ભરવામાં આવશે.

સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે આ માટે દસ્તાવેજ સમયે ભરવાના ફોર્મ નં. ૬૦ને નવા અપડેટ કરી મોકલી આપવામાં આવ્યા છે. ફોર્મ નં. ૬૦ ના ભરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજની નોંધણી કરવાનો સબ રજીસ્ટ્રાર ઈન્કાર કરી શકશે અને આવા દસ્તાવેજ નોંધણી કરાવ્યા વગર પરત આપશે.

નવા ફોર્મ નં. ૬૦માં ઓળખના પુરાવા, આધાર કાર્ડ, પાન કાર્ડ, પાન કાર્ડ ના હોય તો પાન કાર્ડ મેળવવા માટે કરેલ અરજીની નકલ જોડવાની રહેશે. આ ફોર્મમાં વેચાણ આપનાર તથા લેનારની વિગત મિલ્કતનું વર્ણન, બાંધકામ વર્ષ વિગેરેની વિગતો તથા મીલ્કતની કિંમત તથા નાણાની વિગતો ભરીને દસ્તાવેજ સાથે ફરજીયાત જોડવાનું રહેશે. આ ફોર્મની નકલ પણ ઈન્કમટેક્ષ વિભાગને સબ રજીસ્ટ્રારે મોકલી આપવાની રહેશે.

અગાઉ મોટી રકમના દસ્તાવેજો ખેડૂત ખેડૂત વચ્ચેના દર્શાવી પાન કાર્ડની વિગતો દર્શાવવામાં આવતી ન હતી પરંતુ પાન કાર્ડ ફરજીયાત કરતા ફોર્મ નં. ૬૦ સાથે તેની નકલ પણ દસ્તાવેજ કરાવનાર અને દસ્તાવેજ કરાવી લેનાર બન્ને પક્ષકારે જોડવાની રહેશે.

અગાઉ ૨૦,૦૦૦/- ની ઉપરની રકમના રોકડ વ્યવહાર બતાવતા દસ્તાવેજોની નોંધણી પણ કરવામાં આવતી હતી ૨૦૧૬ માં પરિપત્ર થતા ૨૦,૦૦૦/- ઉપરના રોકડ વ્યવહાર દર્શાવતા દસ્તાવેજો નોંધણી થઈ શકશે નહિ પરંતુ તેને આંખ આડા કાન કરી જુની તારીખમાં રોકડ વ્યવહાર કરેલ હોવાનું દર્શાવી માત્ર થોડી રકમ અવેજની દસ્તાવેજની નોંધણી કરવામાં

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ઝાઝુ મથે માનવી ત્યારે વીઘો માંડ પવાય, રઘુવીર રીઝે રાજડા ત્યારે નવખંડ લીલો થાય!

ઝાઝું મથે માનવી ત્યારે વીઘો માંડ પવાય,
રઘુવીર રીઝે રાજડા ત્યારે નવખંડ લીલો થાય!



અસહ્ય ઉકળાટ અને ભયંકર બરાફાથી ત્રાસી ગયેલા આપણે સૌ વરસાદના ટીપાથી ભીંજાઈને થોડા ઠંડા પડી ગયા. વર્ષારાણીનું આગમન એ સૃષ્ટિ પરથી સૌથી સુંદર બાબતોમાંથી એક છે. નાના-મોટા, અમીર-ગરીબ સૌ કોઈ વર્ષારાણીના પ્રથમ આગમનથી વિશેષ આનંદિત થઈ ઊઠે છે. આ ક્ષણ સૌ કોઈના મનને રોમાંચથી ભરી દે છે. માનવ ગમે તેટલી પ્રગતિ કરે કે ટેકનોલોજીના અવનવા શિખરો સર કરે છતાં આજે પણ અમુક સત્તાઓ ઈશ્વરે પોતાના હાથમાં જ રાખી છે અને જયારે એ વરસે ત્યારે માનવ માત્ર જ નહિ સમગ્ર સજીવસૃષ્ટિ આનંદ અને ઉલ્લાસથી છલકાઈ જાય છે. કુદરતની આ વિશાળ અને વિરાટ સત્તા સામે મનુષ્ય કેટલો પામર અને તુચ્છ છે. તેનો અહેસાસ ઈશ્વર તેને સમયાંતરે કરાવ્યા જ કરે છે. વ્યક્તિ જયારે બધું જ મેળવી લે ત્યારે તેનામાં થોડો અહંકાર છાનોછપનો પ્રવેશી જ જાય છે અને ત્યારે કુદરત પણ તેના આ અહંકારને પોષ્યા કરીને વ્યક્તિને વધુ ને વધુ ઉચ્ચ શિખરો સર કરવા દે છે પણ અચાનક એક દિવસ એ એવો વરસી પડે છે કે મનુષ્યનો અહંકાર તેમાં ધોવાઈ જાય છે અને તેનું વ્યક્તિત્વ ફરી એકવાર સ્વચ્છ અને નિર્મળ બની જાય છે. વરસાદના આ રંગીન અને મદહોશ કરી દેનારા માહોલમાં કોઈની યાદ કાંટો બનીને ખૂંચ્યા કરે એમ પણ બને! કવિશ્રી રાજેન્દ્ર શુક્લ લખે છે તેમ,

'જત જણાવાનું તને કે છે અજબ વાતાવરણ,
એક ક્ષણ તું હોય છે ને એક ક્ષણ તારું સ્મરણ !...'

વિરહની વેદનામાં ઝૂરતી વ્યક્તિ માટે વરસાદ એ આનંદની નહિ પરંતુ વિષાદની ક્ષણોની ભરેલ એવી વ્યક્તિને વરસાદના રોમેન્ટિક માહોલ સામે જોઈ એલર્જી હોય તે રીતે ચીડાઈ જતા જોવા મળે છે. કવિશ્રી રમેશ પારેખ આવા વ્યક્તિને ખૂબ સુંદર રીતે વર્ણવે છે કે,

''એક વરસાદનું ટીપું અમે છબીમાં મઢ્યું,
ત્યારથી ભેજભર્યા ઓરડા કોરા ન થયા...
આજ વરસાદ નથી એમ ના કહેવાય, રમેશ;
એમ કહીએ કે, હશે, આપણે ભીનાં ન થયા.''




પ્રેમ અને વિરહ એકબીજાની સાથે સંકળાયેલા જ હોય છે. વિરહની વેદના જીવનના દરેક તબક્કે દરેક વ્યક્તિએ અલગ - અલગ પ્રકારે અનુભવી જ હોય છે અને માટે જ વરસાદ રોમાંચની સાથોસાથ વિષાદનું પણ કારણ હોય છે. ખાસ કરીને પહેલા વરસાદનું આગમન કોઈ પ્રિયતમની યાદ અચૂક અપાવી જાય છે.

વરસાદના આગમનથી ધરતી જ મહેકી ઊઠે છે તેવું નથી, ફળ-ફૂલ, પશુ-પંખી, સમગ્ર સજીવ સૃષ્ટિ અને કવિહૃદય પણ વાતાવરણને મન ભરીને માણવા માટે આતુર બની જાય છે. જાત-જાતની ગરમાગરમ વાનગીઓથી સ્વાદરસિયાઓ વરસાદને એ રીતે માણે છે. પહેલો વરસાદ આવે એટલે દાળવડા તો ખાવા જ પડે એવો જાણે નિયમ બની ગયો હોય તેમ લાગે છે! કવિઓની વાત કરીએ તો તેમના માટે તો આ સર્વશ્રેષ્ઠ ઋતુ છે. કવિહૃદયમાં પણ સંવેદનાની સરવાણી ફૂટે છે અને દરેક કવિ તેને અવનવી રીતે વર્ણવે છે. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી કેટલી સુંદર સ્ત્રી વર્ણવે છે :

''ભીડેલા આભને ભેદી કો' રાજબાળ
તાળીઓ પાડતી છૂટી;
બાપુના લાખ લાખ હેમર હાથીડલા
હાંકતી હાંકતી છૂટી,
ઘાટા અંબોડલાની મેલી લટ મોકળી
રંગભરી રાસડે ઘૂમે;
લૂંબઝૂંબ તારલાના દેશ ઝંઝેડતી,
ચાંદા સૂરજને ચૂમે.
રૂંધ્યા જોબન એનાં જાગી ઊઠ્યાં રે આજ,
કાજળ ઘૂંટે છે કાઠિયાણી;
નવરંગી ચૂંદડીના ચીરા ઉરાડતી
કોને ગોતે છે મસ્તાની!
કોને પાવાને કાજ સંચી રાખેલ હતી,
આ વડલાની દૂધની કટોરી!
ચાંદા-સૂરજની ચોકી વચ્ચેય તુંને
કોણ ગયું શીખવી ચોરી!
સંધ્યાને તીર એક બખ્તરિયો જોધને
ઘોડલાની જોડ મેં દીઠી;
એની બેલાક્ય ચડી કયાં ચાલી એકલી
ચોળી તું તેજની પીઠી?
નિર્જન ગગનના સીમાડા લોપતી
આવરે આવ અહીં ચાલી;
સૂતી વસુંધરાને વીજળ સનકાર કરી
પાતી જા ચેતનાની પ્યાલી.''

હજુ તો વરસાદની માત્ર પધરામણી જ થઈ છે. ધરતીની આ પ્યાસ બે-ચાર છાંટાથી કયાં છીપાય એમ છે? ચોમાસું દર વરસે આવે છતાં પણ આ પ્યાસ વર્ષોવર્ષ અકબંધ જળવાયેલી જ રહે છે. આ વર્ષાઋતુ આપણને સૌને એટલી ફળે કે તન-મનની પ્યાસ બુઝાવીને આખુંયે વર્ષ આપણને તૃપ્ત થયાનો અહેસાસ કરાવે એ જ પહેલા આ વરસાદને આપણી વિનવણી!

Last Seen :

''બારણું વારતાં ભેજ નડે તો,
ચોમાસાને દોષ ના દેશો...
કદાચ, થોડી ઘણી યાદો,
હજી ઉંબરે બેઠી હશે...!!''

- જીતેન્દ્ર વાઢેર

- nehalgadhavi101@gmail.com



મહુવામાં સદભાવના પર્વ -૮માં ૨ જૂન ૨૦૧૭ના રોજ ''ભારતીય મહિલા વિશ્વકોશ''નાં લેખિકા અને નારીકથાકાર ડૉ.પારુલટીના દોશીએ પૂજ્ય મોરારિબાપુને વેદથી મહાભારત સુધીના સમયગાળાની મહિલાઓની સ્થિતિ અંગેનો પોતાનો ૮૨૦ પાનાંનો પ્રથમ ગ્રંથ અર્પણ કર્યો હતો. પૂજ્ય બાપુએ આવા ભગીરથ કામ માટે લેખિકાને અભિનંદન આપ્યાં હતાં અને હવે પછીના ચાર ગ્રંથ કરવા માટે શુભેચ્છા પાઠવી હતી. ઍનડીટીવીના રવીશ કુમારે ભારતીય મહિલા વિશ્વકોશ વિશે લેખિકાને પૂછીને એની વિગતો જાણી હતી.આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં પૂજ્ય બાપુ ઉપરાંત કેન્દ્રના પૂર્વ મંત્રી શ્રી આરીફ મોહમ્મદ ખાન,ભારતીય નૌકાદળના નિવૃત્ત વડા ઍડમિરલ રામદાસ,રવીશ કુમાર અને ડૉ.હરિ દેસાઈ ઉપસ્થિત હતા.અગાઉ પૂ.મોરારિબાપુએ ટીનાની સર્વપ્રથમ નારીકથાને પોતાની કથા દરમિયાન જ બિરદાવીને એનાં વધામણાં કર્યાં હતાં.

# મોરારિબાપુના ગુરુકુળમાં ગૂંજ્યો ભારત-પાક મહાસંઘનો ધ્વનિ




વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ઐતિહાસિક કામ કરવાની તક ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશના મહાસંઘની રચનાની દિશામાં પહેલ કરવામાં છે. માત્ર વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી જીતવા માટે પાડોશી રાષ્ટ્રો સાથે યુદ્ધજ્વરની સ્થિતિ નિર્માણ કરવાની હાકાહીક તો ભારતનું વધુ અહિત કરી મૂકશે. ચીનમાં તાજેતરમાં જ 'વન બેલ્ટ વન રોડ' (ઓબોર) અંગે મળેલી વિશ્વના દેશોની પરિષદનો બહિષ્કાર કરીને ભારતે પોતાના પગ પર જ

- વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશહિતમાં ચીન સાથેના સંબંધોમાં હૂંફ લાવવા તાકીદનાં પગલાં લેવા ભલામણ
- સંવાદગૃહમાં અહોરૂપમ્ અહોધ્વનિ નહીં, બાપુનો આદિ શંકરાચાર્યને ટાંકીને મતભિન્નતાનો આદર કરવા આગ્રહ
- પૂર્વ કેન્દ્રીય મંત્રી આરીફ મોહમ્મદ ખાનનું વેદ, સંસ્કૃતગ્રંથો અને પવિત્ર કુંઆનને ટાંકતાં અદભુત વ્યાખ્યાન
- કાશ્મીરની સ્થિતિને સમાધાનભણી લઈ જવા વાજપેયીનો 'ઈન્સાનિયત, જમ્હૂરિયત અને કશ્મીરિયત'નો મંત્ર

કુહાડો માર્યો છે એટલે હજુ પણ વખત છે કે છેલ્લા બે દાયકાથી ચાલતી બાંગલાદેશ-ચીન-ભારત-મ્યાનમાર (બીસીઆઈએમ) કૉરીડોરની મંત્રણાઓને આગળ ધપાવીને ચીનના કુમ્મીંગ, ભારતના કોલકાતા અને અફઘાનિસ્તાનના કાબૂલ લગીના વ્યાપાર મહામાર્ગને સાકાર કરવામાં સક્રિયતા દાખવવામાં આવે. પાકિસ્તાનમાં આજે ચીનનો વધતો જતો પ્રભાવ 'ઈસ્ટ ઈંડિયા કંપની'ના પુનરાગમન જેવો ગણવામાં આવી રહ્યો છે ત્યારે ભારતીય નેતાગીરીએ નિરર્થક ઉછળકૂદ કરવાને બદલે ભારતના હિતને કાજે, કાશ્મીર કોકડું સમાધાન ભણી લઈ જઈને, રાજદ્વારી અને વેપારસંબંધો સુધારવાની જરૂર છે.

જાણીતા કથાકાર મોરારિબાપુના સાંનિધ્યમાં, એમના મહુવાસ્થિત કૈલાસ ગુરુકૂળના જગદગુરુ આદિ શંકરાચાર્ય સંવાદગૃહમાં યોજાયેલા ત્રિદિવસીય આઠમા સદભાવના-પર્વમાં વિવિધ વક્તાઓ અને સહયોગીઓ થકી આવો વિચાર ભવિષ્યનું પાથેય(ભાથું) બનીને પ્રગટ્યો. સ્વયં મોરારિબાપુ વિશ્વશાંતિના સંકલ્પને આગળ વધારવા માટે ઈસ્લામાબાદમાં પોતાની કથાના માધ્યમથી અને કાશ્મીરના વિકટ સંજોગોને ઠારવા સહિતના પ્રયાસોમાં સામેલ થવા ઉત્સુક છે.તેમણે શંકરાચાર્યની પરંપરાનો ઉલ્લેખ કરીને મત ભિન્નતાનો આદર કરવાનો આગ્રહ સેવ્યો હતો. વિશ્વગ્રામના સંજય-તુલા તેમજ સદભાવના ફોરમના ડંકેશ ઓઝા સહિતના સંયોજકો થકી યોજાયેલા સદભાવનાપર્વના ઉપક્રમે ત્રિદિવસીય કાર્યક્રમમાં શાહબાનો પ્રકરણમાં રાજીનામું આપનાર પૂર્વ કેન્દ્રીય પ્રધાન આરીફ મોહમ્મદ ખાન, વિભાજન-સાહિત્ય પર વિશદ કાર્ય કરનાર પ્રાધ્યાપિકા શરીફા વીજળીવાળા, વરિષ્ઠ પત્રકાર અને સંશોધક ડૉ. હરિ દેસાઈ, ઍનડીટીવીના વરિષ્ઠ પત્રકાર રવીશ કુમાર, વડા પ્રધાન અટલબિહારી વાજપેયીના ખાસ ફરજ પરના અધિકારી રહેલા પત્રકાર-વિશ્લેષક સુધીન્દ્ર કુલકર્ણી, દેશના પૂર્વ નૌસેના અધ્યક્ષ અને શાંતિદૂત ઍડમિરલ રામદાસ મુખ્ય વક્તા હતા. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કબીર ગાયક શબનમ વીરમાણી અને વિપુલ રીકીએ કબીરનાં ભજનો રેલાવીને રાત્રિબેઠકને સંગીતમય કરી હતી.પર્વના અંતિમ દિવસે સાહિત્યકાર શરીફા વીજળીવાળા અને કબીર પ્રોજેક્ટનાં શબનમ વીરમાણી અને વિપુલ રીકીને મોરારિબાપુને હસ્તે સદભાવના ઍવોર્ડ એનાયત કરાયા પછી બાપુએ સમાપન વ્યાખ્યાન આપ્યું હતું. મોરારિબાપુએ ઈસ્લામાબાદ અને અંકારા-તુર્કીમાં કથા કરવા જવા પોતે ઈચ્છુક હોવાની વાત ભારપૂર્વક મૂકી. સાથે જ ૨૦૦૨ના ગોધરા કાંડ અને અનુગોધરા કાંડ કે પછી ભારતના વિભાજનની વસમી યાદોને હવે બાજુએ સારીને બંને દેશની પ્રજા અને બંને દેશ વચ્ચે સદભાવના કેળવવા માટે સંવાદ પર આપણે ભાર મૂકીએ, એવું એમણે ઉમેર્યું હતું.

છેક ૧૯૮૬માં શાહબાનો પ્રકરણના ઉહાપોહ વચ્ચે રાજીવ ગાંધીની સરકારમાંથી, મુસ્લિમ મહિલાઓને ન્યાય અપાવવાના મુદ્દે, રાજીનામું આપનાર આરીફ મોહમ્મદ ખાને ભારતીય સંસ્કૃતિના એકત્વને વેદ-ઉપનિષદ-ગીતા સહિતના હિંદુ ધર્મગ્રંથો અને પવિત્ર કુંઆનની આયાતો અને હદીસ સહિતના ઈસ્લામ શ્રદ્ધાગ્રંથોને અસ્ખલિત રીતે ટાંકીને સુપેરે સર્વધર્મસમભાવ અને સેક્યુલરવાદના કાયમી તત્વનો પરિચય કરાવ્યો હતો. એમના મતે, ભારતની હસ્તી અને એમાં કોમી એખલાસ તથા લોકશાહી મૂલ્યો નિરંતર અને અખંડ રહેશે. તેમણે એ વાતે હરખ પણ વ્યક્ત કર્યો કે ૧૯૮૬માં ૪૦૪ બેઠકવાળી રાજીવ ગાંધીની કૉંગ્રેસની કેન્દ્ર સરકારમાંથી જે મુદ્દાઓ પર રાજીનામું આપ્યું હતું, એ બધા મુદ્દા હવે મુસ્લિમ સમાજ સુપ્રીમ કોર્ટમાં પણ સ્વીકારતો થયો છે. વડા પ્રધાન વાજપેયીના આગ્રહથી ભાજપમાં જોડાયેલા ખાન અત્યારે રાજકારણથી

**અનુસંધાન પાના નં. ૭ પર**